## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

પત્રમાં છે હાંસિયો ને હાંસિયામાં જિંદગી,
કેટલી અકબંધ એ પરબીડિયામાં જિંદગી!
ટોપલાનું થઈ રમકડું હું બધે ફરતો હતો,
જિંદગી છે ફેરિયો ને ફેરિયામાં જિંદગી.

- ભરત ભટ્ટ 'પવન'

### પાથેય

- રમેશ ઠક્કર

## મનુષ્યત્વની મહેંક...

માણસ જયારે મનગમતું કામ કરે છે..ત્યારે જગત થનગનતું લાગે છે.આપણી મુળભુત પ્રકૃતિ શું છે ? એની મથામણ કરીએ તો આપણો આનંદ શામાં રહેલો છે એ,નક્કી થઇ જાય છે..ગાંધીજી એવું માનતા કે, દરેક માણસ મુળભુત રીતે તો,સારો જ હોય છે..એજ રીતે કહી શકાય કે દરેક માણસ નો કોઇ મનગમતો મનોભાવ પણ હોય છે..જેના થકી એનો સ્વભાવ ઘડાતો હોય છે.તમને શું કરવામાં મજા પડે ? પુસ્તક વાંચવું ગમે કે..ઊંઘી જવું ગમે? કોઇની સાથે વાત કરવી ગમે કે..એકલા બેસી રહેવું ગમે ? સ્વાર્થ ગમે કે પરમાર્થ ? આ બધા સવાલોના જવાબ પોતાને જ પૂછજો..નવો અનુભવ થશે.

ઘણા લોકોને બીજાને મદદરૂપ થવામાં અદકેરો આનંદ પ્રાપ્ત થતો હોયછે... સેવા કરવી કે કોઇ સદકાર્યમાં સહભાગી થવામાં અમુક વ્યકિતઓ અસીમ આનંદ માણે છે..સાચું સુખ શામાં છે? એવું મને કોઇ પુછે તો હું બેધડક કહું કે સાચો પરિતોષ પરોપકારી વૃત્તિમાં પડેલો છે..જે માણસ અન્યના ચહેરા ઉપર ખુશહાલી જોઇ મલકાઇ શકે એ જ જીવનને સાચી રીતે જીવી શકે.

સુખનું જયારે વિસ્તરણ થાય છે ત્યારે એમાં જીવનનું ગંતવ્ય રહેલું હોય છે..સુખ જો સંકોચાય તો જીવનમાં કંટાળો ડોકાય છે.આ બધી બાબતો માણસની સમજ ઉપર નિર્ભર છે.

'મરીઝ' અદભુત રીતે આ હકિકત વ્યકત કરે છે..
'બસ એટલી સમજ મને પરવરદિગાર દે
સુખ જયારે જયાં મળે ત્યાં બધાનો વિચાર દે...!'

આપણી મર્યાદા એ છે કે આપણી કોઇપણ બાબત સ્વની આસપાસ જ આકાર લે છે..સ્વથી સર્વ સુધી જવાની ઘટના બને ત્યારે જીવન મહાપર્વ સમું બની જતું હોય છે.નેક કામ માટેની ટેક માનવતાની આહલેક સમાન છે..આપણા મનમાં ઉઠતા ઉત્તમ મનોભાવો ને સદકાર્ય ના આલિંગન થી સત્કારીયે છીએ ત્યારે જે સંતોષ પ્રાપ્ત થાય છે એ મનુષ્યત્વની મહેંક સમાન હોય છે.


જાણેઅજાણે પણ આપણી જિંદગીનો કારોબાર પોતાની જરૂરિયાતો માટે જ ગોઠવાઇ જતો હોય છે..માણસ ધારે તો પણ આ વ્યવસ્થાથી અલગ વિચારવું એના માટે મુશ્કેલ હોય છે.આપણને મળેલા અનુકુળ સંજોગોના આનંદ વચ્ચે અન્ય તરફ જો સમાદર ભરી એક નજર નાખીએ તો જગતની સાચી ઓળખ થતી હોય છે..માણસ જયારે પોતાની જ દ્રષ્ટિનો દુરાગ્રહ છોડી અન્યની નજરે પણ જોવાનું રાખે તો જગત આપોઆપ સમસ્યા મુક્ત થઈ જતું હોય છે...!

# ઓમિક્રોન આવી ગયો...

### તંત્રીસ્થાનેથી...

અગાઉ રાજધાનીઓને સલામત રાખવા કિલ્લેબંધી કરાતી હતી. જૂના શહેરોમાં એવા કોટના કાંગરા હજી જોવા મળે છે. દુશ્મન પ્રવેશી ન શકે એવી જડબેસલાક ચોકી રખાતી. સુરતની ઊંઘ ઉડાડવા નર્મદે 'ડાંડિયો' પીટવાનું શરૂ કર્યું હતું. ગાંધીનગરના મેયરે પણ દાંડી પિટાવીને નાગરિકોને જાણ કરવી ઘટે કે ઓમિક્રોન આખરે રાજધાનીમાં આવી ગયો છે. અગાઉ એક યુવાન કોરોનાનું પડીકું દુબઈથી લઈ આવેલો. આ વખતે આ નવો માલ ઈંગ્લેન્ડથી આવ્યો છે. આફ્રિકામાં પહેલોવહેલો ડિટેક્ટ થયેલો કોરોનાનો અદ્યતન અવતાર નામે 'ઓમિક્રોન' હવે ભારતમાં ઠેકઠેકાણે થાણાં નાખી ચૂક્યો છે. જો કે હજી ભારતમાંથી ડેલ્ટા વેરિયંટે વિદાય નથી લીધી. એના કેસ પણ સતત ઓછાવત્તા આવતાં જ જાય છે. પણ એની મારક શક્તિ ઘટી છે. રૂડા પ્રતાપ બહોળા પ્રમાણમાં થયેલ વેક્સીનેશનના. પરંતુ 'ભૂત ગયું અને પલીત જાગ્યુ' જેવો ઘાટ રચાય તો નવાઈ નહીં લાગવી જોઈએ. ઓમિક્રોને અમેરિકા અને ઈંગ્લેન્ડનો ભરડો લીધો છે. ભારત આ બેઉ લોકશાહી રાષ્ટ્રો સાથે મીઠો સંબંધ ધરાવે છે. ત્યાંથી રોજના સેંકડો - હજારો પ્રવાસીઓ ભારતમાં ઠલવાતા રહે છે. વળી આપણા નવાનકોર મુખ્યમંત્રીશ્રીએ તો આખી દુનિયાનું સાજનમાનજ તેડાવ્યું છે. એ પૈકી ઘણા બધા ઓમિક્રોનનાં ગિફ્ટ પાર્સલ લઈને નહીં આવે એની શી ખાતરી ? વિકાસના રુપકડા પૅકેટમાં વિનાશની ફોર્મ્યુલા પણ આવી શકે છે. હવે તો જેમનું નામ લોકજીભે ચડીને ચવાઈ ગયું છે એવા દિલ્હી બ્રાન્ડ રણદીપ ગુલેરિયાએ સમયસરની ચેતવણી જારી કરી હાથ અધ્ધર કરી દીધા છે. એમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે દુનિયાના અન્ય ભાગોમાં પેન્ડેમિક શરૂ થાય એટલે સમજી લેવાનું કે તે આપણો મહેમાન બનીને જ જંપશે. ભારતમાં તો અતિથિને દેવ ગણીને અછોવાનાં થતાં રહ્યાં છે. આપણે દીવા પ્રગટાવીને, ટાળીઓ અને થાળીઓ વગાડીને ચાઈનીઝ કોરોનારુપી અતિથિદેવનું ભવ્ય સ્વગાત કરી ચૂક્યા છીએ. હવે 'હાઉં' કરીને - અટકીએ તે જરૂરી છે. નહીંતર ઓમિક્રોનને તો આપણા દેશમાં પગ પસારવાનું ઘણું જ ગમશે તેમા શંકાને સ્થાન નથી. બીજા દેશોએ એમના નાગરિકોને બુસ્ટર ડોઝ આપી ઓમિક્રોમ સાથે ટક્કર ઝીલવા તૈયાર કર્યા છે. આપણી સરકાર હજી કાશી વિશ્વાનાથ અને અયોધ્યામાં અટવાયેલી છે. પ્રજાએ પોતે જ જાગવું પડશે. ઓમિક્રોનનો કોપ હળવે હશે તોય હોસ્પિટલના ખાટલો તો મોંઘો જ પડવાનો છે. ડૉકટરો ચીરી નાખવા તૈયાર બેઠા છે. ખાનગી હોસ્પિટલો તો એક સીઝનમાં આવો સહારો સાંપડે એવી રાહ જ જોતી બેઠી છે. ઓમિક્રોનમાં વધુ ઝડપથી ફેલાવાની ક્ષમતા છે. વળી તે વેક્સીનેશનને પણ ના ગાંઠે તો નવાઈ નહીં! દુનિયાના નેવું દેશોમાં ફેલાઈ ચૂકેલો આ રાક્ષસી વેરિયંટ એની જાત ઉપર જશે તો કાળો કેર વરતાવી દેશે - એ સમજી લેવાની જરૂર છે. એનાથી લાખો મૃત્યુ થઈ શકે છે. એટલે પાણી પહેલાં પાળ બાંધી લેવાની જરૂર છે. શાળાઓમાં જવા માંડેલા બાળકોને સુરક્ષિત રાખવાના આગોતરા ઉપાય વિચારવા પડશે. જરૂર પડે તો ફરી પાછું લોકડાઉન સુધીનું ચક્ર ચલાવવું પડે ! એવી પરિસ્થિતિ ના પેદા થાય એ માટે પ્રભુને પ્રાર્થના કરીએ. આપણે આખરે તો જીવવું છે, વળી નિરોગી રહીને જીવવું છે. વડાપ્રધાનના જ શબ્દો ટાંકીને કહીએ તો 'જાન હૈ તો જહાન હૈ' જોકે આપણે જાનની સાથે જહાનને પણ સાચવી લેવાનો છે. જાગતા રહીશું તો એ અશક્ય નથી. કાળા માથાના માનવીએ સંસ્કૃતિના વિકાસ સાથે પ્રકૃતિના અનેક પડકારો ઝીલ્યા છે અને એ ગમે તેવા કપરા સંજોગોમાંથી હેમખેમ બચીને આગળ વધ્યો છે. વિશાળકાય ડાયનસોર્સ કે મેમથ નામશેષ થઈ ગયાં છે પરંતુ માનવીએ તો પ્રકૃતિ પર વિજય મેળવીને પૃથ્વી બહાર અંતરિક્ષ કબજે કરવા માટે હામ ભીડી છે. અંતરિક્ષ હાથવગું કરતાં કરતાં પગનીચે કોરોના અને ઓમિક્રોનનો રેલો આવી જાય ત્યારે જરા વધારે સાવધ રહેવું જરૂરી નથી લાગતું ?

# મનુભાઈના સદકાર્યોમાં માનવ અને માનવતા કેન્દ્ર સ્થાને છે




'શરીરથી નાના કદનો, કોઈ પણ પદ વિનાનો મનુભાઈ, સદ માટે, સદકાર્ય માટે મોટા ગજાનું કામ કરી રહ્યો છું અને એમની સમગ્ર પ્રવૃત્તિમાં માનવ અને માનવતા કેન્દ્ર સ્થાને છે.'

આ શબ્દો મોરારી બાપુએ ચિત્રકુટ ધામ, તલગાજરડા ખાતે લેખક કીન્તુ ગઢવી લિખિત અને નવજીવન મુદ્રણાલય દ્વારા પ્રકાશિત માનવ સેવા ટ્રસ્ટની પ્રવૃત્તિઓ અને તેના ચેરમેન સાણંદ સ્થિત શ્રી મનુભાઈ બારોટના જીવન સંઘર્ષની કથાના પુસ્તક 'પ્રેરણા પંથનો પ્રવાસી'નું વિમોચન કરતા કહ્યા હતા.

માનવ સેવાની વિવિધ પ્રવૃત્તિઓ અંગે ઉલ્લેખ કરીને તેઓએ ઉમેર્યું હતું કે 'સાણંદના બસ સ્ટેન્ડે પાણી વેચતા મનુભાઈએ એક વિરાટ પગલું ભરીને પોતાનું પાણી બતાવ્યું છે.'

અતિ ગરીબ પરિવારને આર્થિક હાડમારીઓમાંથી બહાર લાવવા, માતાપિતાની પડખે ઉભા રહેવા મનુભાઈએ છઠ્ઠા ધોરણથી બારમા ધોરણ સુધી સાણંદના બસ સ્ટેન્ડે પાણી વેચ્યું. પછી અમદાવાદની જી.એલ. એસ. કૉલેજમાં ભણ્યા, ફેફસાનું ઓપરેશન કરાવવું પડ્યું, હોસ્પિટલમાં નોકરી કરી, સાણંદ બસ સ્ટેન્ડમાં પાનનો ગલ્લો ખોલ્યો, સમય જતા સેવાકાર્ય માટે માનવ સેવા ટ્રસ્ટની સ્થાપના કરી.

નળકાંઠાના ગામમાં એકવાર ફટાકડા ફુટતા હતા, કારણ પૂછ્યું તો જાણવા મળ્યું કે પરિવારમાં દીકરો જન્મયો એટલે... મનુભાઈએ એ પછી જે ઘરમાં દીકરીનો જન્મ થાય એ ઘર આજુબાજુ ફટાકડા ફોડ્યા, આજે એ દીકરીઓ કૉલેજમાં ભણતી થઈ છે.

બોસ ઈન્ડિયા ફાઉન્ડેશનની મદદથી ગામડામાં સિવણના વર્ગો કર્યા, અરવિંદ મિલે ૩૦૦ બહેનોને કામ આપ્યું.

વિચરતી જાતિ પૈકીના વાદી સમુદાયના પર પરિવારો ધ્રાંગધ્રાથી સાણંદ નજીકના વીંછીયા ગામે આવીને વસ્યા. મનુભાઈએ આ લોકોનો સ્થાનિક લોકો સાથે મેળાપ કરાવ્યો, તેમની જરૂરિયાતની ચીજવસ્તુ પુરી પાડી, અક્ષયપાત્ર ફાઉન્ડેશન સાથે મળીને બાળકોને પૌષ્ટિક આહાર આપ્યો, અહીં તંબુશાળા શરૂ થઈ.

જાણીતા કલાકારો મહેશ-નરેશે માનવ સેવા ટ્રસ્ટની પ્રવૃત્તિમાં ખુબ સહકાર આપ્યાનું આજે મનુભાઈ યાદ કરે છે.

૨૦૦૮ના વર્ષમાં સાણંદમા ટાટા મોટર્સનું આગમન થયું. અને માનવ સેવા ટ્રસ્ટની પ્રવૃત્તિમાં તેઓ જોડાયા જેના કારણે મનુભાઈની પ્રવૃત્તિને વેગ મળ્યો. ફોર્ડ પણ જોડાયું. માનવ સેવા ટ્રસ્ટે સાણંદના વિવિધ વિસ્તારોમાં ૬૦ હજાર વૃક્ષોનું વાવેતર કર્યું છે. કોરોના કાળમાં ૧૭૦૦ મજુરોને રાશનની કીટ આપી, માસ્ક, સેનેટાઈઝર આપ્યા, કોરોના વોરિયર્સનું સન્માન કર્યું. કન્યા કેળવણી, કુપોષણ નિવારણ અભિયાન, પર્યાવરણ જાગૃતિ, સામાજિક વિષય પર ગાંધીગીરી સ્વચ્છતા અભિયાન, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, આરોગ્ય અને શિક્ષણના કાર્યક્રમો, એમ્બ્યુલન્સ સેવા, નળ સરોવરના પક્ષીઓનું રક્ષણ અને જતન જેવા અનેક કાર્યક્રમોમાં મનુભાઈ પળપળ રચ્યા પચ્યા રહે છે. વિવિધ ઉદ્યોગ ગૃહો, સામાજિક સંસ્થાઓ, દાતાઓ, સમાજના જુદા જુદા વર્ગના પ્રતિષ્ઠિત નાગરિકો, પદાધિકારીઓ, અધિકારીઓ વગેરેનો સાથ એમને મળતો રહ્યો. પોતાની માતાના સ્મરણમાં મનુભાઈએ વીસ જેટલી માતાઓને પ્લેનમાં મુસાફરી કરાવી, ગંગાજળથી માતૃશક્તિના પગ ધોયા અને નિરાધાર માતાઓને આર્થિક સહાય પણ કરી. પુ.મોરારી બાપુના કાને આ વાત ગઈ તો તેઓએ મનુભાઈને તમામ માતાઓ સાથે તલગાજરડા આવવા આમંત્રણ આપ્યું ને સહુ તલગાજરડા ગયા. ૨૦૧૫ના વર્ષમાં બાપુ નળ સરોવર આવ્યા. મનુભાઈએ અનેક શિકારીઓ સાથે ઘેર ઘેર જઈને પક્ષીઓનો શિકાર ન કરવા સમજાવ્યું હતું. આ શિકારીઓએ બાપુના ચરણે પોતાની જાળ મુકી દીધી અને આ કામ ન કરવાની પ્રતિજ્ઞા લીધી. એ સહુને લઈને પણ મનુભાઈ તલગાજરડા ગયા. મનુભાઈ કહે છે 'મારા બાળપણે મને પાણી વેચવાનું સ્ટેન્ડ અને છ ગ્લાસ આપ્યા હતા પણ કુદરતે મારા એ જ હાથોને મનુષ્યો અને પક્ષીઓ - પ્રાણીઓ અને વૃક્ષો સાથે જોડી આપ્યો છે. આનાથી વિશેષ બીજું મારે શું જોઈએ ? મારે તો બસ સારી નિરાંતની ઊંઘ અને ઓડકાર ખાતા હૃદયોના આશીર્વાદ જોઈએ.'

મારીને તમારી આસપાસ જરૂરિયાત મંદોની સેવા કરનારા આવા અનેક વ્યક્તિત્વો અને સંસ્થાઓ હશે, આવા લોકોની સાથે જયારે આપણે આપણા તન-મન-ધન સાથે, આવડત સાથે જોડાઈએ છીએ ત્યારે આપણી અંદર અને આપણા કાર્યોથી સેવાના દીવડા પ્રગટે છે અને અજવાળા રેલાય છે.

### દિન મહિમા

- ઉત્તરીય ગોળાર્ધમાં ૨૧ ડિસેમ્બર મોટાભાગે વર્ષનો સૌથી નાનો દિવસ હોય છે અને તેને શિયાળાના પ્રથમ દિવસ તરીકે ગણવામાં આવે છે.

### આજનું ઔષધ

- લીંબુ અને ડુંગળીનો રસ, ઠંડા પાણીમાં મેળવીને લેવાથી કોલેરામાં ઉત્તમ ફાયદો થાય છે.

### ખડખડાટ

- ટીચર - ભગવાન રામ વનવાસ માટે કેટલા વાગે નીકળ્યા હતા ?
ભૂરો : ૯.૧૫
ટીચર : તને કેવી રીતે ખબર પડી ?
ભૂરો : વનવાસ શબ્દને ઊંધો વાંચો...
(ટીચરે ભણાવવાનું છોડી દીધું)

### આજનો વોટ્સએપ

- કિંમત જોયા વિના વસ્તુ ખરીદવી હોય તો ઘડિયાળ જોયા વગર કામ કરો.
- દસ માણસો નથી કરી શકતા તે કાર્ય દૃઢ સંકલ્પ વડે એક માણસ પૂરું કરી શકે છે. ખરેખર સંકલ્પની શક્તિ મહાન છે...!

### વિચાર

- વિનય - શાંતિ - નમ્રતા - વિવેક - વાણી વગેરે સદ્‌ગુણો ખીલવત્તા રહેજો. ઉદ્ધતાઈ - તોછડાઈ - કડવી વાણી વગેરે દુર્ગુણો તો જંગલમાં ઘાસની જેમ આપમેળે ઊગી નીકળે છે
- સંત રોબિન
- દુર્ગુણ આનંદમાં પણ ડંખે, જયારે સદ્‌ગુણ દુઃખમાં પણ આનંદ અર્પે
- ભૂમિપુત્ર

# આભાસી દુનિયામાં વ્યસ્ત થતી જતી વ્યક્તિ... પ્રત્યક્ષ પાડોશીઓને મળી શકતો નથી...




આજના ઝડપના યુગમાં તીવ્ર ભાગાભાગીના સમયમાં સવારથી સાંજ સુધી શહેરમાં રહેતા આપણે બધાં કોઈ અગત્ય વ્યસ્તતામાં અટવાયેલા રહીએ છીએ. પેટિયું રળવા માટે સવારથી સાંજ..અરે અરે! હવે તો સાંજે કોઈ ઘરે આવી શકતું જ નથી.રાત્રે જ ઑફિસ ધંધામાંથી ઘરે આવી શકાય. અહીંથી તહીં ભાગંભાગ, આપણી દરેક ક્ષણ ઉતાવળે ઉતાવળે ભાગતી હોય છે. રોજિંદા જીવનની ઘટમાળ અંધાધૂંધ ઝડપથી ભાગતી આપણી કહેવાતી વિકાસની હરણફાળે, જમાનાની તીવ્ર દોડે એક જ છત નીચે જીવતા માણસો વચ્ચે પણ અંતરાય ઊભો કરી દીધો છે. રાત્રે થાકીને તુટી જતું શરીર લઈને આવતી વ્યક્તિ મનમાં અને શરીરમાં અઢળક કાર્ય કર્યાનો થાક છતાંય અતૃપ્તિના અહેસાસ સાથે પથારીમાં પડતો હોય છે.

અંદરથી ઉજ્જડ અને વેરાન બનતી જતી વ્યક્તિ રોજ સવારે અફલાતૂન ઈસ્ત્રી ટાઈટ નવા નક્કોર કપડાં પહેરીને ફોગ લગાવીને ધુમ્મસમાં ખોવાઈ જતો...વુડલેન્ડના કીવી પોલીશ કરેલા બૂટ ચડાવીને... સૂકા લાકડા જેવો તૈયાર થાય છે. પોતાની બાહ્ય તસવીર તાજગીસભર અને આંજી દેતી છાપ છોડી દેવાની ઈચ્છા સાથે ઘરની બહાર નીકળતો હોય છે. અંદરથી મરતો જતો અતૃપ્ત જીવાત્મા બહારથી ઉજળો દેખાવા માટે ખૂબ જ ઉધામા મારતો હોય છે.

અને આ બધા ઉધામામાં પોતાના ઘરને અને સ્વજનોને પણ જોવાનો કે તેમની તિરાડોને ભાળવાનો જેને સમય નથી મળતો તેને આડોશપાડોશવાળા સાથે ઓળખાણ કરવાનો તો અવકાશ જ ક્યાંથી હોય!! પહેલો સગો તે પાડોશી કહેવત આપણા વડવાઓએ આપી પરંતુ આજની નગર સંસ્કૃતિમાં પાડોશી તરફ જોવાની કોઈને તમા નથી. હુંતો અને હુતીવાળી આ સામાજિક સ્થિતિમાં મોટેભાગે આપણને ઘરના દરવાજા અને મનના દરવાજા પણ બંધ થતા જતા જ જોવા મળે છે.

આપણે સ્વકેન્દ્રી સ્વાર્થકેન્દ્રી બનતા જઈએ છીએ. વળી પાછી વિધિની વક્રતા એવી છે કે આસપાસના લોકોના ખાનગી જીવનમાં ડોકિયું કરવું તો આપણને પાછું ખૂબ ગમે છે. આપણે સતત એવી શોધમાં રહીએ છીએ કે બાજુવાળાના જીવનમાં ક્યારેય છીંડું પડે અને આપણે તરત જ હાજર થઈ જઈએ મીઠું લઈને તેના ઘા ઉપર ભભરાવવા માટે...

વાતમાં કોઈ ઊંડાણ હોય નહીં પરંતુ આપણે નાની એવી વાતનું વતેસર કરીને નાની એવી ફોડકીને મોટો ઘાવ બનાવી દેવામાં ઉસ્તાદ છીએ. થોડોક અવાજ થાય અને આપણી આંખોનાં ટેલિસ્કોપથી ભીંતની પેલે પાર પણ બધું જોઈ લેવા ઉત્સુક હોઈએ છીએ. માણસ બાજુના રહેઠાણ સુધી પોતાની અટકળને લંબાવે છે. આપણી બેમુખી જીવન પદ્ધતિની કરુણતા વિશે સ્વયં ઈશ્વરને પણ જુગુપ્સા ઉપજતી હશે.

વિડંબના તો એ છે કે આપણા હસવાના દાંત, ચાવવાના દાંત, કચકચાવવાના દાંત, દેખાડવાના દાંત બધા જ દાંત અલગ અલગ હોય છે. બાજુવાળો નવી કાર લાવે તો તેના પેંડા ખાતા ખાતા વિચારીએ છીએ કે હહહહ આજકાલ ખૂબ ચડ્યો લાગે છે. પાડોશીની સુખી હોવાની સંભાવના જણાય કે તરત જ આપણે દુઃખી થવા માંડીએ છીએ. ફ્લેટ કે સોસાયટીમાં નવા-સવા લગ્ન કરીને રહેતા યુગલને લોકો કોઈ તમાશાની જેમ જુએ છે. પોતાના જીવનના ઝંઝાવાતો અને અતૃપ્ત એષણાઓની તૃપ્તિ જાણે કે બાજુવાળાના જીવનમાં ડોકિયું કરવાના મનોરંજનથી તેઓ મેળવતા રહે છે.

બર્થ ડે સેલિબ્રેશનનો કલ્લોલ ભૂત-પ્રેતની ચીસો જેવો લાગે. પોતાના ઘરે તો બેસતા વર્ષના દિવસે પણ કોઈ ન આવે એટલે તાળા મારીને ભાગી જતાં એકલપંડા માણસને બાજુવાળા મોજ મસ્તીથી જન્મદિવસ ઉજવે, લોકોને બોલાવે તેમાં અજુગતું લાગે છે. ભૂતપ્રેતની બૂમો જેવું સંભળાય છે. કોઈ શંકાસ્પદ હિલચાલ તે કોઈ વિચલીત કરી દે તેવો પ્રસંગ બનવાની સંભાવના લાગતી હોય તો પણ વિચારે છે કે જવા દો ને! કાલે સવારે છાપામાં વાજતે ગાજતે સમાચારરૂપે આવશે જ ને ! પરંતુ તે મીંઢો માણસ સમજતો નથી કે જો ખરા ટાણે દોડીને એ બાજુવાળાને સધિયારો આપવા પહોંચી ગયો હોત તો એ ઘટના અટકી જાત અને તે સમાચારરૂપે બીજા દિવસે વાંચવા ન મળત.

આજના કહેવાતા સુધરેલા યુગમાં વ્યક્તિને તેની સ્પેસમાં દખલ ન પહોંચાડવી જોઈએ તેવી સુફિયાણી સલાહ અપાય છે. ત્યારે વિચાર આવે કે અરે અક્કલમઠ્ઠા જેવી માનસિકતા ધરાવનાર ગરીબડા જીવો!! આપણે તો એ સંસ્કૃતિના વારસદાર છીએ જ્યાં દર્દીને જોવા જવા માટે પણ મેળો જામે તેટલા સગાવહાલા પહોંચી જાય છે અને દર્દી પણ એક સાથે આટલા બધાનો પરોક્ષ સધિયારો અનુભવીને સાજો થવા માંડે છે. સ્પેસ...સ્પેસની બૂમો મારનારો આ જે નવો ફાલ આવ્યો છે...એ લોકો જો સુધરી નહીં જાય તો છેવટે તેઓ ખુદ આ ભરી ભરી દુનિયામાં સ્પેસમાં ભટકતા ખોટકાતા અને ખોવાયેલા યાનની જેમ ભટકતા જ રહેશે અટકતા જ રહેશે.... આજની આ સ્થિતિ માટે સિતાંશુ યશશ્ચંદ્રની કવિતા સ્મરણમાં આવે છે.

બાજુના બ્લોકમાં કશુંક ચાલી રહ્યું છે, ત્યાં ભૂત પ્રેત નાચે છે કે પછી બાળકીની બર્થડે છે, તે ચોક્કસપણે કહી શકાય એમ નથી. કદાચ બાજુના બ્લોકમાં ઠાકુર હિરોઈન પર રેપ કરે છે. જસ્ટ આવતીકાલે સવારે લોકલ છાપું આવે ત્યારે વાત.

સ્ટાર ન્યઝ કે ઝી ન્યુઝમાં આવે એવી બિના બની હોય
એવું તો ક્યાંથી બને? આ બાજુના બ્લોકમાં !!
જોકે ચોક્કસપણે એ પણ કહી શકાય એમ નથી
બની શકે.
હિંગની વાસ આવે છે.
વઘારનો અવાજ તો નહોતો આવ્યો, જોકે, બિલ્ડિંગમાં ઘોંઘાટ એટલો છે કે નયે આવે,
થયો હોય તોયે.
પેટ પર ચોળતા હશે તે સહેજ ગરમ કરીને ?
ગેરકાયદે ગર્ભપાત કરાવતા લાગે છે, બાજુના બ્લોકમાં .....

-સિતાંશુ યશશ્ચંદ્ર

- jayuoza@gmail.com, Mo.9898046488

# દિવાસ્વપ્ન ફિલ્મ સુપરમાઈન્ડ માટેની સુપર વાત લઈને આવી છે, ડોન્ટ મીસ ટુ વોચ ઇટ...




ફિલ્મો સમાજ જીવનનો આયનો છે. જ્યારે કોઈપણ કાળખંડની સમાજ વ્યવસ્થા અને લોકોની રીતભાત વિશે જાણવાનુ મન થાય તો એ કાળખંડની ફિલ્મો માણવામાં આવે તો એ સમયના લોકો અને એમની રહેણી કરણીનો ફટાફટ ખ્યાલ આવી શકે છે. ફિલ્મ એક એવું સબળ માધ્યમ છે કે, જેના દ્વારા વાસ્તવિક જીવનનું દસ્તાવેજીકરણ ઉપરાંત જો સર્જક ધારે તો તત્કાલિન સમાજના વિકાસનો સરસ મેસેજ પણ આપી શકે છે. આમ તો ઉપદેશાત્મક વાત હંમેશા બોરીંગ અને ત્રાસ આપતી હોય એવુ લાગે એ સ્વાભાવિક માનસિકતામાં તથ્ય પણ છે. પરંતુ જ્યારે પ્રસંગો, ઉદાહરણો, અદાકારી, વાસ્તવિકતાનું નાટકીય નિરૂપણ વગેરે બાબતોનુ સચોટ સંકલન કરીને ચિત્રપટના માધ્યમથી પીરસાય તો રસપ્રદ રીતે સંદેશ ગળે ઉતરી જાય.

આ મહિનામાં 'દિવાસ્વપ્ન' નામની એક મજાની ફિલ્મ રીલીઝ થઈ. શિક્ષણના મૂલ્યો અને પ્રાકૃતિક કૃષિના બે મહત્વના વિષયો ઉપર આ ફિલ્મમાં અદભુત માવજત કરવામાં આવી છે. આજે યુવાનોમાં ભણવું એ માત્ર સમય પસાર કરવો, મોજ મસ્તી કરવી અને ડિગ્રી લઈને નોકરી કરવી એવુ પર્સેપ્શન મહદંશે જોવા મળતું હોય છે. ખરેખર તો ભણવું એ એક વિકાસ માટેનું મહાવરદાન છે. ભણવું એક અપ્રતિમ તક છે. વ્યક્તિના જીવનમાં પડેલી અસિમ સંભાવનાઓ અને શમણાઓ સાકાર કરવાની પુષ્ઠભૂમિ ભણતર છે. જ્યારે શિક્ષણની વાત આવે ત્યારે એક શિક્ષક અને બીજો શિક્ષાર્થી એમ બે પાસા ઊભરીને આવે. કેલિફોર્નિયા યુનિવર્સિટીના સાયકોલોજીના પ્રોફેસર કહે છે કે, માનવીની બિહેવીયરલ પેટર્નના આપણી પાસે કોઈ ચોક્કસ અને શ્રેષ્ઠ મોડેલ ઉપલબ્ધ નથી. જોકે, પ્રત્યેક ગુજરાતી વટથી ગૌરવભેર કહી શકે કે, રમતા રમતા ભણવાની અને ભણતા ભણતા રમવાની મેથેડોલોજી આપી શિક્ષણ જગતમાં ક્રાંતિ આણનારી 'મુછાળી મા' ગીજુભાઈ બધેકાના વિચારો અને કાર્યોએ ગુજરાતના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતા ભણી આગળ વધવાનો રાજપથ દેખાડ્યો છે.

માનવીય મૂલ્યોના વિવિધ પાસાનો ગુલદસ્તો બનાવીને 'દિવાસ્વપ્ન' ફિલ્મ રજુ થઈ છે. એમાં એક તરફ શ્રમનું ગૌરવ, કર્તવ્ય પરાયણતા, આત્મવિશ્વાસ જેવા વ્યક્તિગત મૂલ્યો છે. તેની સાથો સાથે સહકાર, સામાજિક ચેતના, પારિવારિક ભાવના જેવા સામાજિક મૂલ્યો પણ છે. આ ઉપરાંત સત્ય, અહિંસા, સર્વધર્મ સમભાવ જેવા સાંસ્કૃતિક મૂલ્યોને પણ 'દિવાસ્વપ્ન' ફિલ્મ ઉજાગર કરે છે. રાષ્ટ્રપ્રેમ, પંચશીલ જેવા રાષ્ટ્રીય મૂલ્યો અને પ્રમાણિકતા અને નિખાલસતાના નૈતિક મૂલ્યો દિવાસ્વપ્નમાં પડઘાય છે. આ બધી મુલ્યનિષ્ઠાની વાતો રસાળ શૈલીમાં એક શિક્ષક અને વિદ્યાર્થી સાથે મળીને વિચારવિમર્શ કરે ત્યારે કેવું આદર્શ અને તાજગીસભર વાતાવરણ ખડું થાય એ વાત આ ફિલ્મે રજૂ કરી છે. મહદંશે શિક્ષણ અને પ્રાકૃતિક કૃષિની આસપાસ ફરતી દિવાસ્વપ્નની વાર્તામાં નાની મોટી અનેક મૂલ્યનિષ્ઠ વાતોને બિલકુલ સાહજિક રીતે રજૂ કરી દેવામાં આવી છે.



શિક્ષણ જગત સાથે સંકળાયેલાને ત્રણ કેટેગરીમાં વહેંચી શકાય છે. પહેલી કક્ષામાં એવા શિક્ષકો આવે છે, જે માહિતી આપીને સંતોષ માની લે છે. બીજી કેટેગરીમાં આવતા શિક્ષકો, માહિતીને વ્યવહારુ ઉપયોગની પરિભાષા સ્પષ્ટ કરતા હોય છે અને ત્રીજી કક્ષાના શિક્ષકો માહિતીનો સમુચિત ઉપયોગ કરીને, તેને જીવનમાં કેવી રીતે અમલમાં મુકાય એની જાણકારી આપે છે. આ વિચાર જાણીતા શિક્ષણવિદ વિલિયમ આર્થર વોર્ડના છે. મહદંશે વોર્ડ યથાર્થ પણ પૂરવાર થયા છે. આ આખી વાતના પાયામાં ગીજુભાઈ બધેકાની ભાર વિનાના ભણતરની ફિલોસોફી છે. 'દિવાસ્વપ્ન' ફિલ્મે ગીજુભાઈના વિચારોને વણી લઈને સુંદર મેસેજ આપ્યો છે. ભણવું એટલે ચૈતન્ય મેળવી ઊર્ધ્વગામી પ્રસ્થાન કરવાનો માર્ગ પ્રશસ્ત કરવાની ફિલોસોફીને ફિલ્મમાં સરસ રીતે અંકિત કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને જીવનલક્ષી, આદર્શોને વિકસાવતું અને જીવનના મૂલ્યોને ઉજાગર કરતું શિક્ષણ કેવી રીતે આપી શકાય એ વાત ફિલ્મના કથાનકમાં સુંદર રીતે વણી લેવાઈ છે. વિદ્યાર્થીઓના માનસમાં સપના ભરવા અને તેને સાકાર કરવાની ક્લાસરૂમ અને ક્લાસરૂમ બહાર ગ્રાઉન્ડ ટીચીંગ મેથલોડોજીને ફિલ્મમાં અર્થસભર રીતે રજૂ કરવામાં આવી છે. ફિલ્મમાં ટીચરનું પાત્ર ભજવતા રીતેષ મોભે જીવંત અભિનય દ્વારા શિક્ષકની ભૂમિકાનો મેસેજ આપવામાં પ્રાણ રેડ્યો છે. ખાસ કરીને શિક્ષક-વાલી સંવાદ અને સાથી શિક્ષકની સાથે તેમના વાર્તાલાપે ફિલ્મને અલગ ઉચાઈ આપી છે.

શિક્ષણ સાથે ઑર્ગેનિક એગ્રિકલ્ચરની વાતને 'દિવાસ્વપ્ન'માં સહજ રીતે સાંકળી લેવામાં આવી છે. ગામડાના અભણ પણ જાગૃત ખેડૂતના કેરેક્ટરમાં મંજાયેલા કલાકાર ચેતન દૈયાએ જાનદાર અભિનય કર્યો છે. આમ તો ફિલ્મમાં આ કેરેક્ટર હીરોના પિતાનું છે પણ આખી વાર્તા આ કેરેક્ટરની આસપાસ ફરે છે. ફિલ્મનુ લીડ કેરેકટર ખેડૂતપૂત્ર કાનજીનું પાત્ર પ્રવીણ ગુંડેચાએ રજૂ કર્યું છે. પ્રાકૃતિક ખેતી માટે ગામડાના યુવાનો સાથેનો કાનજીનો સંવાદ ફિલ્મને નવો વળાંક આપે છે. ખેડૂત પ્રાકૃતિક કૃષિ તરફ વળે અને પેસ્ટીસાઈડ તથા રાસાયણિક ખાતરોની જગાએ ગૌમુત્ર અને છાણીયા ખાતર દ્વારા કેવી રીતે વધુ સારી ખેતી કરી શકે છે એ વિષયને રસપ્રદ રીતે વણી લેવાયો છે. શિક્ષણ અને પ્રાકૃતિક ખેતી બે ભિન્ન વિષયો હોવા છતાં ફિલ્મમાં ક્યાંય કોઈ સીનમાં દર્શકોને ઝટકો લાગતો નથી. ફિલ્મની પ્રવાહિતા અને નાટકીયતા પહેલેથી છેલ્લે સુધી બિલકુલ બરકરાર રહે છે. આદર્શવાદી વાતો શબ્દોમાં નહીં પણ વાસ્તવિકત સ્વરૂપ કેવી રીતે લઈ શકે તે દિવાસ્વપ્નમાં અભિવ્યક્ત થયું છે. સૌથી અગત્યની વાત તો એ છે કે, શિક્ષણ અને પ્રાકૃતિક કૃષિ જેવા બે ભારેખમ વિષયોના સંદેશને અત્યંત રસાળ શૈલીમાં પ્રસ્તુત કરતી 'દિવાસ્વપ્ન' ફિલ્મ લોગભોગ્ય તો બની જ છે સાથે સાથે ઉત્તમ સ્ટોરી ટેલર પણ બની છે.

સામાન્ય રીતે જીવનમાં બે યક્ષ પ્રશ્નો છે. એક તો આપણે ક્યાં ઊભા છીએ ? અને બીજું આપણે ક્યાં પહોંચવું છે ? એ એટલુ જ સાચુ છે કે, ઘટનાઓ અને પ્રાસંગિકતા માનવીને હર હંમેશ ખેંચીને આમ તેમ ફંગોળતા હોય છે. પરંતુ પરિસ્થિતિઓ અને પરિબળોના તાબે થયા વગર એમાંથી ઉગરવાનો માર્ગ સાથે મળીને શોધવાના પ્રયાસને 'દિવાસ્વપ્ન' ફિલ્મ ચરિતાર્થ કરવાની કોશીષ કરે છે. સમાજનો એક ભાગ ઉપભોગકર્તા અને બીજો ભાગ ઉત્પાદક છે. ખેડૂત ઉત્પાદક છે. ઉત્પાદકને ઉત્પાદનનો ઉત્તમ આનંદ કેવી રીતે સાંપડે એ આ ફિલ્મનું મજાનુ પાસુ છે. સરપંચની ભૂમિકામાં બિમલ ત્રિવેદી, કાનજીની પ્રેમિકામાં ગરીમા, ખેડૂત કચરાની પત્ની તરીકે કલ્પનાજી વગેરે કલાકારોએ 'દિવાસ્વપ્ન' ફિલ્મમાં અભિનયના ઓજસ પાથર્યા છે. જો કે ફિલ્મના ક્લાઈમેક્સમાં આંઠેક મિનિટનો કોર્ટસીન વધુ પડતો નાટકીય અને અવાસ્તવિક લાગે છે. આ સીનમાં વકીલ, જજ, સરપંચ, કાનજી અને કાનજીની પ્રેમિકા તમામ પાત્રોનો અભિનય ડલ અને સ્ક્રીપ્ટ-ડાયલોગ ક્લાઈમેક્સને કંટાળાજનક બનવી દે છે. ક્લાઈમેક્સની આ આંઠ દસ મિનિટ બાદ કરતા આખી ફિલ્મની પ્રવાહિતા અને માવજત દાદ માગી લે એવી છે. ઓવર ઓલ દિવાસ્વપ્ન ગુજરાતી ફિલ્મ એકવાર તો જરૂર જોવા જેવી છે.

વર્ષો પહેલા હોલીવુડની બ્લોક બ્લસ્ટર ફિલ્મ 'સુપરમેન'ની જેમ દિવાસ્વપ્ન 'સુપરમાઈન્ડ' માટેની સુપર વાત લઈને આવી છે. મહેનતકશ ખેડૂતપુત્ર નરેશ પ્રજાપતિએ 'દિવાસ્વપ્ન' ફિલ્મ પ્રોડ્યુસ કરી છે. ફિલ્મના ગીતો અને સ્ક્રીપ્ટમાં પણ નરેશભાઈનું પ્રદાન ધ્યાન ખેંચે એવુ છે. એક સામાન્ય ખેડૂત પરિવારમાં ઉછરેલા ફિલ્મના પ્રોડ્યુસર નરેશભાઈ શિક્ષણ જગત અને ખેતી સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલા છે એટલે જ કદાચ કૃષિ અને શિક્ષણના સામંજસ્યને લઈને 'દિવાસ્વપ્ન' એમણે જોયું છે. વિદેશની ભૂમિ ઉપર એક દાયકો ફિલ્મોના નિર્માણનો અભ્યાસ કરી ચૂકેલા પરંતુ ગુજરાતી ભાષાની લગોલગ રહેવાના મનોરથ ધરાવતા સતિષભાઈ દાવડાના ડાયરેકશને કમાલ કરી છે. પાર્થ પીઠડીયાએ ફિલ્મને કર્ણપ્રિય સંગીતે મઢી છે. ફિલ્મને રીલીઝ થતાં પહેલાં અત્યાર સુધીમાં ૫૪ જેટલા રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળી ચૂક્યા છે. ફિલ્મ માત્ર મનોરંજન નથી ફિલ્મ મનોરંજન ઉપરાંત આગળ વધવા માટે નવા વિચારો આપવાનું માધ્યમ પણ બને એ જરૂરી છે. દક્ષિણ ભારતમાં પ્રાદેશિક ફિલ્મો મોટા પ્રમાણમાં જોવામાં આવે છે. એ પ્રમાણે ગુજરાતી ફિલ્મો પણ હવે લોકો માણતા થયા છે. આની પાછળ હવેની ગુજરાતી ફિલ્મોના કથાનક, એડિટીંગ, એક્ટિંગ, ડાયરેકશન, લોકેશન વગેરેમાં ૩૬૦ ડિગ્રીએ પરિવર્તન આવ્યું છે.

**ધબકાર :**

જ્યારે વ્યક્તિ કોઈ બાબત માટે પ્રતિબદ્ધ બને છે ત્યારે તેને અનેક રસપ્રદ નવી બાબતો કરવાનો અવસર તેને સાંપડે છે.